**ડાયરેક્ટ ❤ સે**

ભજવવો જ છે
એક દિ રોલ નક્કી
રિહર્સલ કરી લઈએ
ચાલ મોતનું પણ

**જન્મદિને વધામણી**



**ઝેડ. એમ. પટેલ**
મુખ્ય ઈજનેર (પાટનગર યોજના)
માર્ગ-મકાન વિભાગ
મો. ૯૯૭૮૪ ૦૬૪૭૭



**દિવ્યમ ગૌતમકુમાર પ્રજાપતિ**
મો. ૯૯૦૪૩ ૫૪૪૫૧



**નીર જિગરભાઈ પટેલ**

### અર્થિંગ ગૃપ અને બેડરૂમ થીયેટર દ્વારા

# સ્વામીનારાયણ ભગવાનના જીવન ચરિત્ર પર નૃત્યનાટિકા





અર્થિંગ ગૃપ દ્વારા રચવામાં આવેલા આ નાટકમાં, સ્વામીનારાયણ ભગવાને પોતે બનાવેલા કાલુપુર મંદિર અને અમદાવાદ સાથેના એમના પ્રસંગોને નાટ્ય સ્વરૂપે આવરી લેવામાં આવ્યા હતા. નાટકમાં કલાકારો અને નૃત્યકારો એમ મળીને કુલ ૪૦ કલાકાર કસબીઓની ટીમ દ્વારા નાટકની ભજવણી કરાઈ. નાટકનું સુંદર લેખન ચિરાગ પારેખ અને સફળ દિગ્દર્શન પ્રફુલ પંચાલ દ્વારા કરવામાં આવ્યું અને હર્ષલ વ્યાસ દ્વારા નૃત્ય સંકલન કરાયું. સ્વામીનારાયણ ભગવાનના સમયની નાનામાં નાની વાત અને વસ્તુનું બખૂબી રીતે સુંદર આલેખન કરવામાં આવ્યું હતું. દરેક પ્રસંગ કે વાતને સંપૂર્ણ ન્યાય મળી રહે એવી દશ્ય રચનાથી પ્રસંગોને જે તે સમય પ્રમાણે નાટ્ય રૂપાંતરથી જીવંત કરવામાં આવ્યા. પ્રેક્ષકો ભગવાન સ્વામીનારાયણના પ્રસંગોમાં એટલા બધા મગ્ન થઈ ગયા કે ભગવાનના અમદાવાદ વિદાયના દશ્યએ એમની આંખોમાં આંસુડા લાવી દીધા. નાટકમાં દશ્ય, નૃત્ય અને ગીતો એવી રીતે વણી લેવામાં આવેલા કે પ્રેક્ષકો અને સંતો ભગવાનની લીલામાં મગ્ન થઈ ગયા અને નાટક બાદ સંતો અને હરિભક્તો એ નાટકને ખૂબ વખાણ્યું અને બિરદાવ્યું હતું. નારણઘાટ મંદિરના પૂજ્ય રામ સ્વામી, મહંત પૂજ્ય દિવ્યપ્રકાશ સ્વામી અને પૂરવભાઈના સહયોગથી નાટકનું સફળ મંચન થયું. નાટકના દરેક દશ્યને જીવંત અને પૂર્ણ સ્વરૂપ આપવામાં વિજય દેસાઈ, વસંત પરમાર, દિનકર ઉપાધ્યાય, સૌમિલ મોદી, દીર્ઘ જોશી, ફાલ્ગુન નંદા, જીગર બરાસરા, લવ રાવત, મિલાપ ચૌધરી, શ્રીરંગ રાવલ, નીરવ કુમાર, વિશાલ ચૌહાણ, કિરણ પંચાલ, પૃથ્વી પાટીલ, શુભમ બલાપુરે, સ્મિત જોજા, વિરાન્શુલ પંચાલ, યશ ઠાકોર, જીગ્નેશ બારોટ, પ્રતિક હિરપરા, આનંદ પારેખ, સુજાન ગઢવી, હર્ષ ભટ્ટ, હિતુલ પુજારા, મેહુલ, પ્રિન્સ, રીતેશ, ભરત, રાહુલ, અંકિત તથા ખૂબ અગત્યના એવા પડદા પાછળના નાયક તરીકે પાર્થ પટેલ, મહેશ કુમાર, રવિભાઈ, નિરાલીબેન, ભાર્ગવ, પરિધિ શેલત અને અનીલ રાઠોડ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ઈન્ફોસિટી સ્કૂલમાં પ્રવેશોત્સવની ઉજવણી

### વેદ મંત્રો સાથેનો પ્રવેશ ભવ્ય બની રહ્યો

ગાંધીનગર, તા. ૧૬

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજની પ્રણાલિકા પ્રમાણે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાર્થનાથી પ્રારંભાયેલ ઉજવણીમાં નવો પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને સંસ્થાના ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યાએ સ્વાગત કરી ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ પરિવારમાં એકરૂપ થવા અનુરોધ કર્યો હતો. શાળાની શિસ્ત, નિયમો વગેરેની માહિતી આપી અભિનંદન સાથે અભિવાદન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ વિવિધ વિષયોની વિશદ્ માહિતી આપી આગામી સમય માટેનું આગોતરું આયોજન બતાવી વિદ્યાર્થીઓને મનોવૈજ્ઞાનિક રીતે પ્રોત્સાહિત કર્યા હતા. ડિરેક્ટર જયેન્દ્ર પાઠકે આશીર્વાદ આપી નવા વિદ્યાર્થીઓને શિક્ષકોનો પરિચય કરાવ્યો હતો. વર્ગ શિક્ષકોએ ગુલાબનાં પુષ્પ અને સાકર આપી વિદ્યાર્થીઓને વર્ગ પ્રવેશ કરાવ્યો હતો. વેદ મંત્રો સાથેનો પ્રવેશ ભવ્ય બની રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શાળા પરિવાર વતી વિષય નિષ્ણાત તુષારકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## NCERTનાં ધો-૧૦નાં પુસ્તકોની પરીક્ષા માટે બ્લૂ પ્રિન્ટ તૈયાર

### બોર્ડ દ્વારા ૫૭ સ્કૂલમાં ધો-૧૦માં ત્રણ વિષયમાં NCERTનાં પુસ્તકો ભણાવાય છે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યની અંગ્રેજી માધ્યમની ૫૭ સ્કૂલોમાં ધોરણ-૧૦માં ત્રણ વિષયમાં NCERTના પુસ્તકોનો પ્રોજેક્ટ અમલમાં છે. જોકે, આ પ્રોજેક્ટ અંતર્ગત સમવિષ્ટ સ્કૂલોના વિદ્યાર્થીઓને અત્યારથી જ બોર્ડની પરીક્ષા અંગેનું પરિરૂપ મળી રહે તે માટે બોર્ડ દ્વારા પરિરૂપ જાહેર કરી દીધું છે. જે મુજબ બોર્ડ દ્વારા ધોરણ-૧૦માં લેવામાં આવતી પરીક્ષા મુજબ જ આ વિષયનું પણ પરિરૂપ ગોઠવ્યું છે. ઉપરાંત કયા પ્રકરણના કેટલા ગુણનું વેઈટેજ રહેશે તે પણ નક્કી કરી લીધું હોઈ વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારીમાં રાહત રહેશે. બોર્ડ દ્વારા નમૂનાના પ્રશ્નપત્રો પણ તૈયાર કરી વિદ્યાર્થીઓની સમજણ માટે સ્કૂલોને મોકલી આપ્યા હોવાનું જાણવા મળે છે.

રાજ્યમાં જૂન-૨૦૧૬થી ધોરણ-૯ અંગ્રેજી માધ્યમની ૫૭ સ્કૂલોમાં પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુક્યો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત ૫૭ સ્કૂલોમાં અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન વિષયના પુસ્તકો NCERTના અમલમાં મુકવામાં આવ્યા હતા. ૨૦૧૬નું વર્ષ પૂર્ણ થયું ત્યારે જે સ્કૂલમાં પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકાયો હતો તે સ્કૂલોના આચાર્યોની એક બેઠક કરી અભિપ્રાય મેળવવામાં આવ્યો હતો. જેમાં મોટાભાગના આચાર્યોએ આ પ્રોજેક્ટની સરાહના કરી હતી અને આગળ લઈ જવાની ભલામણ પણ કરી હતી. આ દરમિયાન જૂન-૨૦૧૭થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષથી રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦માં પ્રોજેક્ટને અમલમાં મુકવાની જાહેરાત કરી હતી. જેમાં ૫૭ સ્કૂલોમાં અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનના પુસ્તકો NCERTના ભણાવવાનું નક્કી કરાયું હતું. આ ૫૭ સ્કૂલો અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર, અરવલ્લી, સુરત, ખેડા, પંચમહાલ, બનાસકાંઠા અને આણંદ જિલ્લામાં આવેલી છે. રાજ્યની ૫૭ સ્કૂલોમાં ધોરણ-૧૦માં પ્રોજેક્ટ અમલમાં મુકવાની જાહેરાત બાદ આ વિદ્યાર્થીઓની માર્ચ-૨૦૧૮માં બોર્ડની પરીક્ષા લેવામાં આવનાર હોવાથી બોર્ડ દ્વારા અત્યારથી જ અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન વિષયનું પરિરૂપ જાહેર કરી દીધું છે. બોર્ડ દ્વારા આ પુસ્તકોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લૂ પ્રિન્ટ તેમજ નમૂનાના પ્રશ્નપત્ર જે તે વિષયના તજજ્ઞ શિક્ષક પાસે તૈયાર કરાવી સ્કૂલોને મોકલી આપ્યા છે. બોર્ડ દ્વારા તૈયાર કરાયેલી સ્ટાઈલ હાલમાં લેવામાં આવતી સ્ટાઈલ મુજબ જ છે. જેમાં એમસીક્યુ પ્રકારના ૫૦ માર્કના ૫૦ પ્રશ્નો પુછાશે. જ્યારે ૨ ગુણના શોર્ટ જવાબના ૪ પ્રશ્નો અને ૩ ગુણના શોર્ટ જવાબના ૬ પ્રશ્નો પુછાશે. જ્યારે ૪ ગુણના એક એવા લાંબા જવાબના ૬ પ્રશ્નો પુછાશે. આ જ રીતે તમામ પેપરની સ્ટાઈલ તૈયાર કરી દેવાઈ છે. ઉપરાંત કયા પ્રકરણનું કેટલું વેઈટેજ રહેશે તે પણ નક્કી કરી લેવાયું છે. જેથી વિદ્યાર્થીને પરીક્ષા પહેલા યોગ્ય માર્ગદર્શન મળી રહેશે.

### રથયાત્રા નિમિત્તે જગન્નાથજી મંદિર ખાતે દેશભરમાંથી સંતો, મહંતો પધારશે

ગાંધીનગર, તા. ૧૬

જગન્નાથજી મંદિર, જમાલપુર ખાતે અત્યારે તડામાર તૈયારીઓનો માહોલ જોવા મળી રહ્યો છે. તેની સાથે જ નિજ મંદિર ખાતે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળભદ્રજી એક સપ્તાહ બાદ એટલે કે તા. ૨૩મી જૂનનાં રોજ આવશે ત્યારે તેની ખુશાલીમાં જેઠ વદ અમાસના રોજ ભંડારાનું આયોજન કરાતું હોય છે અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પણ નિજ મંદિરે ભગવાનનાં દર્શન કરવા માટે આવતા હોય છે. આ નિમિત્તે ૨,૦૦૦ જેટલા સંતો, મહંતો મોટી સંખ્યામાં પધારશે. મહંત, દિલીપદાસજી મહારાજે જણાવ્યુ હતું.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીઍડ કૉલેજોમાં આવકારોત્સવ

### પુષ્પ અને મીઠાઈથી તાલીમાર્થીઓનું સ્વાગત

ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનની ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન અને આર ઍચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનું સ્વાગત કરવા માટે ગુરુવારે આવકારોત્સવ યોજવામાં આવ્યો હતો.

પ્રવેશ પામેલા ઉત્સાહી તાલીમાર્થીઓને કુમકુમ તિલક કરી, ગુલાબનાં પુષ્પો આપી, મોઢું મીઠું કરાવી મંગલમય પ્રાર્થનાથી કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્યવિધિ સંપન્ન થયા બાદ કાર્યક્રમના આરંભે ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનના પ્રૉ. ડૉ. સંજયભાઈ ગુપ્તાએ સંસ્થાની ઉજ્જવળ પરંપરાઓ, કૉલેજના સ્માર્ટ વર્ક અને ઉદ્દેશો વિશેની માહિતી આપી હતી. ત્યારબાદ ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશનના ઍચઓડી ડૉ. જિજ્ઞાબેન જોશીએ પણ તાલીમાર્થીઓને ખૂબ સુંદર રીતે આવકાર આપ્યો હતો. કાર્યક્રમના અંતે ડૉ. ભાવિકભાઈ શાહે ફૅકલ્ટીનો પરિચય આપી સંસ્થા પરિવાર વતી ઉપસ્થિત સર્વ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.






કીર્તિદા વિજય બ્રહ્મભટ્ટના બાળકાવ્ય સંગ્રહ -રંગોની લા'ણીનું વિમોચન સૂરસંગતની નિવડેલી બેલડી સુશ્રી અપૂર્વા રાવલ છાયા અને શ્રી ફલક છાયાના વરદ હસ્તે આપ્તજનોની ઉપસ્થિતિમાં તાજેતરમાં કરવામાં આવ્યું હતું. કીર્તિદાબેન બ્રહ્મભટ્ટે રંગોની લા'ણી -કાવ્યસંગ્રહ તેમના પૌત્ર આરોહને અર્પણ કર્યો છે. કાવ્યસંગ્રહની પ્રસ્તાવના જાણીતા સાહિત્યકાર પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટે કરી છે. આ કાવ્યસંગ્રહ રંગોની લા'ણીની સાથે સાથે લય અને પ્રાસ ધરાવતા, ગાવા-ગણગણવા ગમે તેવાં ગીતોની લહાણી પણ લઈને આવ્યો છે. આ કાવ્યસંગ્રહમાં બાલસહજ કુતૂહલ, સ્નેહ, સ્વપ્નો, વન્યસૃષ્ટિને આત્મસાત્ કરતી બાળકની સર્જનાત્મક દૃષ્ટિ વગેરે વાંચતાં જ આનંદ આપે તેવાં છે.

### ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા

# સમાજજીવનને સ્પર્શતા મહત્ત્વના પ્રશ્નોની સરકાર સમક્ષ રજૂઆત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની તાજેતરમાં મળેલી બેઠકમાં સમાજજીવનને સ્પર્શતા મહત્ત્વના પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા-વિચારણા થઈ હતી.

ગાંધીનગર શહેરમાં સિટી બસ વ્યવસ્થા સ્થગિત થયેલી છે ત્યારે સ્થાનિક અવર-જવર માટે નાગરિકો માટે એકમાત્ર રિક્ષા ઉપલબ્ધ છે. ઘણાં વર્ષોથી ગાંધીનગરમાં રિક્ષા સીઍનજીથી ચાલે છે, પરંતુ ભાડુ હજુ પણ પૅટ્રોલ આધારિત નિયત થયેલું છે, જે ઘણું વધારે છે. ઉપરાંત રિક્ષાઓ મીટર મુજબ ચાલતી નથી અને રિક્ષાચાલકો નાગરિકો પાસેથી મનફાવે તેમ ભાડાં વસૂલે છે. જાગૃત નાગરિક પરિષદે આ બાબતમાં ઠરાવ કરીને માગણી કરી છે કે સરકારના વાહન વ્યવહાર વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરીને રિક્ષાનાં ભાડાં સીઍનજી આધારિત નિર્ધારિત કરવાં જોઈએ તેમજ તમામ રિક્ષાઓ મીટર મુજબ ભાડાં વસૂલી શકે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી જોઈએ. હવે ગાંધીનગરની વસતીમાં નોંધપાત્ર વધારો થયો છે તેમજ શહેરનો પણ વિકાસ થયો છે ત્યારે રિક્ષાચાલકોને પૂરતા પૅસેન્જર મળી રહે છે. અમદાવાદમાં રિક્ષા મીટર મુજબ ચાલતી હોય તો રાજ્યના પાટનગરમાં શા માટે નહીં ? આ બાબત ત્વરિત ઉકેલ માગે છે એવી ચર્ચા બેઠકમાં કરાઈ હતી.



દિલ્હીમાં ૧૫ વર્ષ જૂનાં વાહનો ચલાવનાર પર કોર્ટ દ્વારા પ્રતિબંધ આવ્યો ત્યારે જાગૃત નાગરિક પરિષદે ઠરાવ કરીને માગણી કરી હતી કે ૧૫ વર્ષથી જૂનાં વાહનો ગુજરાતમાં ન પ્રવેશે તે માટે તેના રજિસ્ટ્રેશન પર પ્રતિબંધ મૂકવામાં આવે અને રાજ્યમાં આવાં વાહનો છે તેમનાં લાયસન્સ રદ કરવામાં આવે. રાજ્યના વાહનવ્યવહાર વિભાગે આ બાબતે હજી સુધી કોઈ પગલાં લીધાં નથી. તાજેતરમાં જ અખબારોએ એ સમાચારો પ્રકાશિત કર્યા છે કે દેશમાં ૯૫ ટકા પ્રદૂષણ ૧૫ વર્ષથી જૂનાં વાહનોને કારણે થાય છે. જૂનાં વાહનો ફિટ ન હોવા છતાં ચલાવાય છે, જે વાયુ પ્રદૂષણ જ નહીં, પરંતુ અવાજ, પાણી, જમીન પ્રદૂષણ પણ ફેલાવે છે. ગુજરાતના નાગરિકોને પ્રદૂષણમુક્ત રાખવા ગુજરાતમાં ૧૫ વર્ષથી જૂનાં વાહનોનાં રજિસ્ટ્રેશન રદ કરવા જાગૃત નાગરિક પરિષદે સરકારને અનુરોધ કર્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકા ગાંધીનગરમાં હોર્ડિંગ લગાવવા કોન્ટ્રાક્ટ આપવાની વિચારણા કરી રહી હોવાની બાબત અખબારોમાં પ્રસિદ્ધ થઈ છે. રાજ્યના પાટનગરને સ્વચ્છ અને સુંદર રાખવાનો નિર્ણય અગાઉ થયો છે.

હોર્ડિંગ લગાવવાથી શહેરી સુંદરતા છિનવાશે અને અકસ્માતો વધશે. આજે મર્યાદિત સંખ્યામાં મંજૂરી અપાશે તે મર્યાદા આવતીકાલે રહેશે નહીં. ગાંધીનગર મહાત્મા મંદિરમાં આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો વર્ષ દરમિયાન થતા રહે છે ત્યારે નાનકડી આવકના બહાને હોર્ડિંગના પ્રદૂષણથી પાટનગરને મુક્ત રાખવું જોઈએ તેવો અનુરોધ પણ પરિષદ દ્વારા સરકારને કરવામાં આવ્યો છે. ઉપરાંત, રાજકીય પક્ષો તેમજ વ્યાપારીઓ દ્વારા લગાવાતા અન્ય હોર્ડિંગ્સ સામે પણ સખ્ત પગલાં લેવાં જોઈએ, એવી પણ અપીલ કરાઈ છે.

શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઈ-બાઈક ખરીદવા સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે છે. સિનિયર સિટિઝન્સને પણ આ યોજનામાં સામેલ કરવામાં આવે તે માટે પરિષદે ઠરાવ કરીને સરકારને વિનંતી કરી છે. સિનિયર સિટિઝન્સને બસભાડામાં રાહત આપવામાં આવે છે તે જ રીતે ઈબાઈક ખરીદવા માટે રાહત આપવામાં આવશે તો તે બાબત આવકાર્ય ગણાશે.

પરિષદની આ બેઠકમાં પ્રમુખ જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં આ બાબતો અંગે સભ્યોએ વિસ્તૃત ચર્ચા કરી હતી. બેઠકમાં રમણીકભાઈ વ્યાસ, નિરંજન ઓઝા, જે જે ત્રિવેદી, જે સી પરમાર, રાજેન્દ્રભાઈ પારેખ ઉપસ્થિત રહ્યા હતા.

## પેરામેડિકલમાં પ્રવેશ માટે ગુજકેટમાંથી મુક્તિ

ગાંધીનગર, તા. ૧૬

મેડિકલ અભ્યાસક્રમ માટે ભલે નીટ ફરજિયાત બનાવવામાં આવી હોય અને તે અંગે ગુજરાતના વાલીઓ-વિદ્યાર્થીઓ વિરોધ કરતા હોય પરંતુ પેરામેડિકલ કોર્સ માટે ગુજરાત સરકાર દ્વારા ધોરણ ૧૨ પછી સીધો પ્રવેશ મળે તે માટે તૈયારી શરૂ કરાઈ છે અને ચાલુ વર્ષની પ્રવેશ પ્રક્રિયાથી જ તેનો અમલ પણ શરૂ કરી દેવામાં આવશે. એટલે કે ધોરણ ૧૨માં ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજીના થીયરીના માર્કના આધારે ધોરણ ૧૨ની ટકાવારી પર જ પેરામેડિકલ કોર્સમાં પ્રવેશ અપાશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં આરોગ્ય અને તબીબી શિક્ષણ મંત્રી શંકરભાઈ ચૌધરી દ્વારા પેરામેડિકલ કોર્સ માટે ધોરણ ૧૨ની ટકાવારી પ્રવેશ માટે માન્ય રાખવા સરકારની વિચારણા ચાલી રહી છે તેવું જાહેર કરવામાં આવ્યું હતું.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**